ગામડાઓમાં ગુલાબી ઠંડીનો અહેસાસ થતાંની સાથે જ શિયાળાનો સામનો કરવા અને ઠંડીમાંથી બચવા માટે એક યુવાન અને વૃદ્ધકાકા તાપણાનો સહારો લઈ રહ્યા છે. શિયાળાની કડકડતી ઠંડીમાં લોકો તાપણું અને ચા વધારે પસંદ કરતા હોય છે. (તસવીર : રામજીભાઈ રાયગોર)

પાલનપુરમાં પીવાના પાણીના કેરબાનું ગેરકાયદેસર ખુલ્લેઆમ વિતરણ કોઈ જ જાતના જરૂરી આધાર વગર વેપલો

ફુડ એન્ડ ડ્રગ વિભાગ ખાતાનું ભેદી મૌન : પાલિકાએ ગુમાસ્તાનું ત્રણ વર્ષથી લાયસન્સ નથી આપ્યું

પાલનપુર, તા. ૩

જે દેશના પુરાણકામમાંથી દૂધની નદીઓ હોવાનું કહેવાય છે તે દેશમાં આજે પાણી પણ પૈસાથી વેચાય છે. પીવાના પાણીનું વેચાણ કરતી અનેક મલ્ટી બ્રાન્ડેડ કંપનીઓ પ્લાસ્ટીકની બોટલોનું પાણી જરૂરી પુરાવા આધાર ગુણવત્તા જાળવી પાણી વેચે છે. જ્યારે સરહદી બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર સહીત ડીસા, ધાનેરા, પાંથાવાડા, દાંતીવાડા સહીત અનેક જગ્યાએ પીવાના પાણીના કેરબા, વોટર બેગો શહેરીજનોને વેપારીઓને સપ્લાય કરવામાં આવે છે. જ્યારે પાલનપુર નગરપાલિકામાં પાણીના વેપારીઓ અંગે જરૂરી લાયસન્સ ગુમાસ્તા અંગે પુછવામાં આવતાં તે કામગીરી સંભાળતા પાલિકાના ગુમાસ્તા અધિકારી અજીતભાઈ જોષીએ જણાવ્યું હતું કે નગરપાલિકા દ્વારા છેલ્લા ૩ વર્ષથી કોઈ જ પ્રકારનું પીવાના પાણી શુદ્ધ પાણીનું કોઈજ પ્રકારનુ ગુમાસ્તાનું લાયસન્સ આપવામાં આવેલ નથી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વળી જરૂરી ડોક્યુમેન્ટો આધાર પુરાવાઓ, પીવાના પાણીના ધંધા માટે જે સામેલ કરવાના હોય છે તે પણ અરજદારો વેપારીઓ જોડેથી નગરપાલિકાને સુપ્રત કરાતા નથી. તે બધા કારણોને લીધે કે પછી અન્ય કારણોસર હાલમાં પીવાના પાણીનો ધંધો કરતા વોટર સપ્લાયરો દ્વારા નગરપાલિકાના ગુમાસ્તા શાખાનું કોઈ જ લાયસન્સ આપવામાં આવતું નથી.

આમ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં પીવાનું શુધ્ધ પાણી જવાબદાર સત્તાધીશોની મહેરબાનીથી ખુલ્લેઆમ વેપલો ચાલી રહ્યો છે. જ્યાં જુઓ ત્યાં પાણીનો વેપલો ચાલી રહ્યો છે આ અંગે ફુડ એન્ડ ડ્રગ વિભાગની કચેરીનો ફોન નં. ૨૫૨૩૮૧ ઉપર અનેકવાર સંપર્ક કરવા છતાં ફોન રિસીવ થયેલ નથી. જ્યારે જાણવા મળતી વિગતોનુસાર જિલ્લાના ફુડ એન્ડ ડ્રગ અધિ. શાહ સાથે મોબાઈલ સંપર્ક કરતા એ.એલ. પટેલનો સંપર્ક કરવાનું કહેતા તેમણે પણ મોબાઈલ કટ કરી દીધેલ. આમ જવાબદાર વિભાગની પાણીનો ગેરકાયદેસર વેપલો કરતા વેપારીઓ પર મહેરબાનીથી નિર્દોષ જનતા શુદ્ધ પાણીના નામે સાદુ પાણી કે પછી પીવાના પાણી ના પી શકાય તેવું પી રહ્યા છે.

પાલનપુરની વિદ્યામંદિર શૈક્ષણિક સંસ્થાએ નગરપાલિકા સામે વેરા સંદર્ભે સુપ્રિમ કોર્ટના કરેલ કેસ પરત ખેંચ્યો : પાલિકાએ રજુ કર્યા સચોટ પુરાવા

પાલનપુર, તા.૩

પાલનપુર નગરપાલિકાએ બાકી વેરા અંગે શહેરીજનો સામે અને અન્ય શૈક્ષણિક સંસ્થા સરકારી સિવીલ હોસ્પિટલ સહીત અન્ય બિલ્ડીંગો સામે આકમક વેરા વસુલાત ઝુંબેશ આદરી પાલિકાની આર્થિક સ્થિતિ મુજબુત કરવા કમર કસી હતી ત્યારે શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિર ટ્રસ્ટનો લાખો રૂપિયાનો વેરો બાકી હતો. તે સંદર્ભે નગરપાલિકાએ સંસ્થાના મકાનોને સીલ મારી આકમક કાર્યવાહી હાથ ધરતા વિદ્યામંદિર સંસ્થાના ટ્રસ્ટીઓ સુધી મુંબઈ સુધી ભારે હલચલ મચી જવા પામી હતી ત્યારે ગત સપ્ટેમ્બર ૨૦૧૧ માં એના અગાઉ વિદ્યામંદિર સંસ્થાએ રૂ. ૫ લાખ અને રૂ. ૨૦ લાખ સપ્ટેમ્બર૧૧માસે ત્રણ તબક્કે કુલ રૂ.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

૨,૫૦,૦૦૦ પાલિકામાં ભરી દીધેલ.

બાકી રહેતા અંદાજે રૂ. ૨૭,૦૦,૦૦૦ રકમ નગરપાલિકામાં વેરા પેટાના ભરવા પડે તે માટે સંસ્થાએ ન્યાયતંત્રમાં કેસ દાખલ કરેલ. વળી આ કેસ દેશની સર્વોચ્ચ અદાલત એવી દિલ્હી સ્થિત સુપ્રિમકોર્ટમાં નગરપાલિકાએ વિદ્યામંદિર ટ્રસ્ટે કેસ દાખલ કરેલ. તેની સામે નગરપાલિકાએ પણ તેમના એડવોકેટ દ્વારા સજજડ આધાર પુરાવા વિગતોના સુપ્રીમકોર્ટમાં વિદ્યામંદિર ટ્રસ્ટ જોડેથી નગરપાલિકા વેરો વસુલ કરવા હકદાર છે તે અંગેની માહિતી વિગતો કોર્ટમાં રજુ કરાતા વિદ્યામંદિર ટ્રસ્ટના વકીલ દ્વારા આ કેસ પરત ખેંચી લેવામાં આવેલ હોવાનું પાલનપુર પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું.

આમ વેરાની વસુલાત કરવા માટે નગરપાલિકાએ જે પ્રકારે આકમકતા દાખવી તે પ્રમાણે શહેરીજનોને અને વેરા ભરનારા લોકોને વેરાની નોટીસમાં જે જે સેવા કર દર્શાવાયા છે તેટલી જ સેવાઓ હકીકતમાં શહેરીજનોને પ્રામાણીક પણે પુરી પડાય તેમ અનેક સરકારી અર્ધ સરકારી શૈક્ષણિક સંસ્થા અને શહેરીજનો નગરપાલિકાના સત્તાધીશો સમક્ષ અપેક્ષા રાખેલ છે. વેરા વસુલાત કરો છે તો જરૂરી સુવિધાઓ પણ પુરી પાડો તેવી શહેરીજનો પાલિકાના સત્તાધીશો પાસે અપેક્ષા રાખે છે.

હિંમતનગર ખાતે સુન્ની મોમીન જમાત દ્વારા સમુહલગ્ન યોજાશે

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠાના મુખ્ય મથક હિંમતનગર વિરપુર પાસે સાબરકાંઠા સુન્ની મોમીન જમાત દ્વારા તા. ૧૦, ૧૧ નવેમ્બરે શનિ-રવિ એમ બે દિવસ સમુહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. સમુહલગ્નમાં ૧૭ દુલ્હા-દુલ્હન મુસ્લિમ વિધિ પ્રમાણે લગ્નગ્રંથિથી જોડાશે તેમ સુન્ની મોમીન જમાતના પ્રમુખ અકબરભાઈ ખણુસીયાએ જણાવ્યું છે.

વિજાપુર ખાતે ઠાકોર-રાજપુત જાગીરદાર ક્ષત્રિય સમાજનું સંમેલન આજે યોજાશે

ગાંધીનગર, તા.૩

વિજાપુર તાલુકા ઠાકોર, રાજપુત, જાગીરદાર અન ક્ષત્રિય સમાજ દ્વારા આયોજીત સમાજોનું મહાસંમેલન આજે સાંજે ૪ કલાકે ક્રિકેટ મેદાન-મહાકાલી મંદિર દેવપુરા-વિજાપુર, હિંમતનગર હાઈવે રોડ ખાતે યોજાશે. ઠાકોર-રાજપુત-જાગીરદાર-ક્ષત્રિય સમાજના સંમેલનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા, પાટણના સાંસદ જગદીશભાઈ ઠાકોર ઉદઘાટન કરશે તેમજ દોલત રામજી મહારાજ આર્શીવચન આપશે. ઠાકોર-રાજપુત-જાગીરદાર-ક્ષત્રિય સમાજના કાર્યક્રમમાં નરેશભાઈ રાવલ, મહેન્દ્રસિંહ વાઘેલા, સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, વી.ડી. ઝાલા, બાબુજી ઠાકોર, નરપતસિંહ ચાવડા, બળવંતસિંહ રાજપુત, માનસિંહ ઠાકોર, જયરાજસિંહ પરમાર, ચુનાજી ઠાકોર ઉપસ્થિત રહેશે.

સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી.એ ૧ લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે ગતરોજ બાડમેરથી ઝાંઝરી જતા માર્ગ પર પ્રાથમિક શાળા પાસેથી ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી ૨ ઈસમોની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ જિલ્લા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે દારૂ ભરેલી ગાડી પસાર થવાની છે. વોચ દરમિયાન બાતમીવાળી ગાડી મેક્સ જીપ નં. જીજે-૭-આર-૭૭૨ ઉમાં તપાસ કરતા જુદી જુદી બ્રાન્ડની ૩૩ પેટી વિદેશી દારૂ ૧૧ બોટલ છુટી સહિત ૪૪૩ બિયરના ટીન મળી કિ. રૂ. ૧,૦૬,૫૦૦, ગાડી કિં. ૪,૦૦,૦૦૦ તથા રોકડ રમક ૩૦૦ સહિત કલ્પેશ કાન્તી અસોડા (રહે. પાટીયા ભગોરાપાડા જી. ઉદેપુર(રાજ.), દિનેશ સવજી પાંડોર (રહે. ઝાંઝરી તા. ખેરવાડા જી. ઉદેપુર)ની મુદ્દામાલ સાથે ધરપકડ કરી ગુનો નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજના કતપુર ટોલનાકા પરથી નકલી પી.એસ.આઈ. ઝડપાયો

પ્રાંતિજ, તા.૩

પ્રાંતિજ ખાતે આવેલ કતપુર ટોલનાકા ઉપર ખોટા બબરાટ કરી હોદ્દાના હોવા છતાં દારૂ પીધેલી હાલતમાં હોદ્દાનો રોફ જમાવતો નકલી પી.એસ.આઈ. અસલી પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના કતપુર ટોલનાકા ઉપર આજે સાંજના સમયે એક ઈસમ અનિલસિંહ દિલીપસિંહ બિહોલા (રહે. પાલજ) પોતાની કાર નં. જી.જે-૧-એચ.સી. ૬૪૯૮ લઈ પસાર થઈ રહ્યો હતો ત્યારે ટોલનાકા પરથી પી.એસ.આઈ.નો હોદ્દો ના હોવા છતાં પી.એસ.આઈ. તરીકે રોફ જમાવતો હતો અને ડીવાઈડર તોડી ભાગવાની કોશિશ કરતા તેનો ભાંડો ફુટી ગયો હતો. આ મામલાની જાણ પ્રાંતિજ પોલીસ મથકને થતાં સ્ટાફના માણસો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને નકલી પી.એસ.આઈ.ને ઝડપી પાડયો હતો. આમ આ મામલે પી.એસ.આઈ. ઉપાધ્યાય દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

સાબરકાંઠામાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં બે ના મોત ૩ ને ઈજા

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના દેરોલ ગામની સીમમાં એક મોટર સાયકલ ચાલકે પોતાની મોટરસાયકલના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા એકનું મોત અને બેને ઈજાઓ પહોંચી હતી. જે અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે નોંધ થઈ હતી. જ્યારે ઈડર તાલુકાના નેગામલી ગામ પાસે એક લકઝરી બસે એક મોટરસાયકલને પાછળથી ટક્કર મારતા મોટરસાયકલ સવારનું કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના દેરોલ ગામની સીમમાં હિંમતનગરથી વિજાપુર હાઈ-વે પર મહંમદ સીદીકી દેવલા (ઉં.વ. ૨૦) પોતાની મોટરસાયકલ જીજે-૯-સીબી-૪૫૦૬ પુર ઝડપે હંકારતા બાઈક સ્લીપ ખાઈ ગઈ હતી. જેમાં તેનું કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે ઈસમને ગંભીર ઈજાઓ થવા પામી હતી. બીજા એક બનાવમાં ઈડર તાલુકાના નેગામલ ગામના બસ સ્ટેન્ડ પાસે આજે સવારે લકઝરી બસના ચાલકે બસ બેદરકારી પૂર્વક હંકારી મોટરસાયકલ નં. જીજે-૧૩-જે-૭૪૯૨ના ચાલક યાસીનભાઈ ચૌધરી ઉં.વ. ૪૫ને પાછળથી જોરદાર ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. આ બન્ને બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ અને ઈડર પોલીસે અલગ અલગ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસામાં ૩૩ પેટી વિદેશી દારૂ ઝડપાયો

(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

રીસાલાના રહેણાંક વિસ્તારમાં છાપો મારી વિદેશી દારૂ અને બુટલેગરને ઝડપી લીધો

ડીસા, તા. ૩

ડીસા શહેરના રીસાલા વિસ્તારમાં બાતમીના આધારે ઓચિંતો છાપો મારી એક રહેણાંક મકાનમાંથી ૩૩ પેટી વિદેશી દારૂ ઝડપી લઈ આરોપીને જેલના સળીયા પાછળ ધકેલી દેવાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેરના રીસાલા વિસ્તારમાં આવેલ એક રહેણાંક મકાનમાં વિદેશી દારૂ રાખવામાં આવ્યો હોવાની બાતમીના આધારે ડીસા શહેર પોલીસમથકના પી.આઈ. આર.એમ. ભદોરીયા, ડીવાયએસપી વિજય પટેલ સહિતના પોલીસ કાફલાએ રીસાલા વિસ્તારના મહેશ મોદીના રહેણાંક મકાનમાં ઓચિંતી રેડ કરતાં તેમાંથી ૩૩ પેટી વિદેશી દારૂ કિં. રૂ. ૧,૫૮,૦૦૦ મળી આવ્યો હતો. પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કરી આરોપી મહેશ મોદીને પણ જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે.

આગામી સમયમાં આવી રહેલ ચૂંટણીમાં દારૂની રેલમછેલ ન થાય તે માટે ગુજરાતનું પોલીસતંત્ર સાબદું બન્યું છે. અને ગુજરાતમાં દારૂની ઘુસણખોરી અટકાવવા માટે ઠેર ઠેર ચેકીંગ ચાલી રહ્યું છે ત્યારે ડીસા શહેરમાં હજુ પણ કેટલાક વિસ્તારોમાં વિદેશી દારૂ વેચાય છે. જો કે શહેરના રીસાલા વિસ્તારમાંથી ૩૩ પેટી વિદેશી દારૂ પકડી પોલીસે આરોપીને જેલના સળીયા પાછળ ધકેલતા બુટલેગરોમાં ફફડાટ મચી જવા પામ્યો હતો.

વડાથી કાકર જવાના રસ્તા ઉપર ગાંડા બાવળોનું સામ્રાજ્ય

(તસવીર : રામજીભાઈ રાયગોર)

કાંકરેજ તાલુકાના વડાથી કાકર જવાના રસ્તા ઉપર ગાંડા બાવળો લચી પડ્યા છે. જ્યાં થરા જવા માટે મેઈન રસ્તો હોવાથી આજુબાજુના ગામડાના ખેડૂત તેમજ વેપારીઓ રોજે રોજ વાહનો લઈ અપ-ડાઉન કરે છે અને સતત વાહનો અને રાહદારીઓથી રસ્તો ધમધમે છે. પરંતુ તંત્ર દ્વારા ગાંડા બાવળો દુર કરવામાં આવતા નથી. લોકોમાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. તંત્ર દ્વારા અગ્રતાના ધોરણે કામગીરી હાથ ધરી ગાંડા બાવળોને દુર કરવામાં આવે તેવો જનમત પ્રવર્તી રહ્યો છે. નહિંતર ભવિષ્યમાં સામસામે આવતા વાહનો ઓવરટેક કે સાઈડમાં ઉભા રહેવાની પણ જગ્યા નથી તો સત્વરે કોઈ મોટી જાનહાની થાય તે પહેલાં ગાંડા બાવળોને દુર કરવામાં આવશે ખરા ?

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે

બ્રાહ્મણ રસોઈયા બેન
પાર્ટ ટાઈમ - સે. ૨૨, ગાંધીનગર
સંપર્ક : ૮૭૩૨૯ ૩૦૨૨૩

ભાડે આપવાનો છે

નવો જ ફ્લેટ ફર્નીચર સાથે, ગેસ લાઈન, લીફ્ટ, લાઈટ-પંખા, TV, ૨૪ કલાક પાણી સુવિધા વાળો, ખ-૦, સરગાસણ ચોકડી પાસે,
સંપર્ક
૯૪૨૯૦ ૯૮૨૨૩
૯૮૨૪૪ ૩૪૪૫૯
૦૭૯-૨૩૨૪૫૧૭૫
વિદ્યાર્થીઓ અને દલાલ માફ

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
ફ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન